ગુજરાત સમાચાર , પાના નંબર :- ૦૫

તારીખ :- ૧૦/૦૯/૨૦૨૬

જુલાઇ કરતાં ઓગસ્ટમાં ૬ ટકાનો વધારો

# મેટ્રો રેલમાં એક મહિનામાં રેકોર્ડ ૫૪.૨૯ લાખ મુસાફરો

અમદાવાદ,બુધવાર

અમદાવાદ મેટ્રોમાં ઓગસ્ટ મહિનામાં ૫૪.૨૯ લાખ મુસાફરોની અવર-જવર નોંધાઇ છે. એક જ મહિનામાં મેટ્રોમાં નોંધાયેલા આ સૌથી વધુ મુસાફરો છે. અમદાવાદ મેટ્રોમાં ઓગસ્ટમાં દરરોજ સરેરાશ ૧.૭૫ લાખ મુસાફરોએ અવર-જવર કરી હતી. જેની સરખામણીએ જુલાઇમાં ૫૧.૧૪ લાખ મુસાફરો નોંધાયા હતા. આમ, મેટ્રોમાં મુસાફરી કરનારાના આંકમાં સતત વધારો થઇ રહ્યો છે. આ વર્ષે જ મેટ્રોમાં ૩.૮૩ કરોડથી વધુ મુસાફરો નોંધાઇ ચૂક્યા છે.

ગયા વર્ષે કુલ ૪.૮૩ કરોડ મુસાફરોની અવર-જવર નોંધાઇ હતી. આમ, આ ટ્રેન્ડ યથાવત્ રહ્યો તો વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં મેટ્રોમાં મુસાફરોનો આંક ૫.૭૪ કરોડને પાર જઇ શકે છે.

**મેટ્રોમાં આ વર્ષે નોંધાયેલા મુસાફરો**

| મહિનો | મુસાફરો (લાખમાં) |
|---|---|
| જાન્યુઆરી | ૪૭.૭૦ |
| ફેબ્રુઆરી | ૪૫.૩૧ |
| માર્ચ | ૪૪.૨૮ |
| એપ્રિલ | ૪૫.૪૬ |
| મે | ૪૮.૩૭ |
| જૂન | ૪૬.૫૪ |
| જુલાઇ | ૫૧.૧૪ |
| ઓગસ્ટ | ૫૪.૨૯ |